# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૩/૧૨/૨૦૨૫ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૭૫૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૫૪ વ્યક્તિઓને ઝડપી, ૨૨૬ લીટર દેશી દારૂ, ૨૨૭૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩,૮૫૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૪ બીયરટીન, ૦૧ ટ્રક, ૦૧ રીક્ષા અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩,૧૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૭૫૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૧૭૫૭/૨૦૨૫**

**ક્રાઇમ બ્રાન્ચઃ** વિશાલભાઇ દિપકભાઇ ઇસરાની (ઉ.વ.૩૦)(રહે. વેદ બંગલો, નાના ચિલોડા નરોડા) એ તા.૧૨/૧૨/૨૦૨૫ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૧૧/૨૦૨૪ થી તા.૧૩/૦૯/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન નારોલ બીઆરટીએસ બસ સ્ટોપ સામે પુષ્પક ગારમેન્ટ પાર્ક, ગ્રાઉન્ડ ફલોર દુકાન નંબર– એ/૦૨ ખાતેથી આરોપી "જયશ્રી ક્રિએશન" ના માલીક (૧) અજય મહેશકુમાર સુખીયાની (દુકાનનુ સરનામુ. બ્લોક નંબર–એ દુકાન નંબર–૩૫ ફસ્ટ ફલોર સુમેલ બિજનેશ પાર્ક–૨ વાણીજ્યભવનની પાછળ, કાંકરીયા (રહે. સેકન્ડ ફલોર હરીઓમ એવન્યુ તાજહોટલ પાછળ સરદારનગર એરપોર્ટ રોડ એરપોર્ટ) તથા "જયશ્રી ક્રિએશન" ના કર્તા–હર્તા (૨) સન્ની મહેશકુમાર સુખીયાની (રહે.શિખર–૧૨૬ ભાટગામ રોડ ગાંધીનગર) અને (૩) મહેશકુમાર સુખીયાની નાઓએ ભેગામળી વિશાલભાઇ ઇસરાની તેમજ અન્ય સાહેદ–વેપારીઓ પાસેથી ઉધારીમાં જથ્થાબંધ લેડીઝ ડ્રેસ મટીરીયલ–શુટની ખરીદી કરી, તે માલનુ પેમેન્ટ ૪૫ થી ૫૦ દિવસમાં ચુકવી દેવાની ખાતરી–ભરોસો આપી, વાયદા મુજબ કુલ રૂપિયા ૩,૮૩,૩૧,૭૬૩/– પેમેન્ટ નહી આપી, દુકાન બંધ કરી નાસી જઇ વિશાલભાઇ ઇસરાની તેમજ સાહેદ વેપારીઓ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એ.દેસાઇ ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ–** **સમાચાર યાદી નં.૧૭૫૮/૨૦૨૫**

**અમરાઇવાડીઃ** વિપુલભાઇ કિશનભાઇ પરમાર (ઉ.વ.૩૦)(રહે.જકશી રબારીની ચાલી, બાપા સીતારામની મઢુલી પાસે, જોગેશ્વરી રોડ અમરાઇવાડી) તા.૧૧/૧૨/૨૦૨૫ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે અમરાઇવાડી જોગેશ્વરી રોડ લવ–કુશ બંગલા નજીક લગ્ન પ્રસંગમાં નાચતા–નાચતા પસાર થઈ રહ્યા હતા ત્યારે બે પુરૂષ વિપુલભાઇના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૫૫,૦૦૦/– ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વિપુલભાઈ પરમારે અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એસ.મિયાત્રા ચલાવે છે.

**વાહન ચોરીઃ–** **સમાચાર ચાદી નં.૧૭૫૯/૨૦૨૫**

**ઓઢવઃ** યશભાઇ અશોકભાઇ મહેરીયા (ઉ.વ.૨૬)(રહે.રબારી વસાહત, કરશનનગર ગેટ નંબર–૧૧, પાણીની ટાંકી પાસે, ઓઢવ) એ તા.૧૨/૧૨/૨૦૨૫ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૧૧/૨૦૨૫ સાંજના ૬/૩૦ થી તા.૨૫/૧૧/૨૦૨૫ સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘર આગળ પાર્ક કરેલ યશભાઇ મહેરીયાના મિત્રની મારૂતી સુઝુકી સ્વીફ્ટ કાર નંબર જીજે.૦૭.ડીઇ.૦૫૮૮ કિમત રૂપિયા ૭,૦૦,૦૦૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.ચૌહાણ ચલાવે છે.

**ટ્રેઇનની અડફેટે આવી જતા મૃત્યુઃ–** **સમાચાર ચાદી નં.૧૭૬૦/૨૦૨૫**

**રાણીપઃ** મહેશભાઈ ચેતારામ નાઇ (ઉ.વ.૫૯)(રહે.જય મહાદેવનગર, હરીઓમ એપાર્ટમેન્ટ બલોલનગર રોડ નવા વાડજ) તા.૧૨/૧૨/૨૦૨૫ સવારના ૧૦/૪૦ વાગ્યા પહેલા ગોપાલનગરના છાપરાં બલોલનગર બ્રિજ નીચે રેલવે પાટા ક્રોસ કરતા હતા ત્યારે ટ્રેઇનની ડફેટમાં આવી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી સુરેશભાઈ કાવજીભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી